ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા
**ગાંધીનગર તાપમાન**

# કલેકટર એસ.કે.લાંગાનો પ્રસંશનીય અભિગમ : 'જોય ઓફ શેરીંગ'

ગાંધીનગર, તા.૬
દિવાળી તહેવાર ખુશીઓ અને શુભ કામનાઓની આપ - લેનો તહેવાર છે. ગાંધીનગર જિલ્લા કલેકટર એસ. કે. લાંગાએ દિવાળી તહેવાર નિમિત્તે મળેલી ભેટ – મીઠાઈઓ સારી જગ્યાએ વિતરણ થાય અને ખરા અર્થમાં ઈશ્વરે આપેલી ખુશીઓની વહેચણી થાય તે હેતુથી ગાંધીનગરની ચાર સંસ્થાઓના બાળગૃહના બાળકો, નારી સંરક્ષણ ગૃહની બહેનો અને વૃધ્ધો સહીત ૭૦ જેટલી વ્યકતિઓને દિવાળીની ભેટ આપી ખુશીઓની આપ લે કરી હતી. ગાંધીનગર નારી સંરક્ષણ ગૃહ સેકટર-૧૨માં બહેનોને દિવાળીના તહેવારની શુભેચ્છા પાઠવીને જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે વિવિધ વ્યકતિઓ દ્વારા ખુશીઓની આપ - લે અંગે મળેલી ભેટ જિલ્લા સેવા સદન ખાતે એકત્ર કરી હતી. આ ભેટ નવતર પ્રયોગ દ્વારા અન્ય સંસ્થાઓને રૂબરૂ વિતરણ કરી ''જોય ઓફ શેરીંગ''ના અનેરા અભિવ્યકતિના અવસર દ્વારા ખુશીઓની આપ - લે કરી હતી. સરકારી ચિલ્ડ્રન હોમ સેકટર-૧૩, ખાસ બાળ ગૃહ સેકટર-૧૯, નારી સંરક્ષણ ગૃહ - માતૃ છાયા સેકટર-૧૨ અને સેકટર-૬નાં ક્રિષ્ના વૃધ્ધાશ્રમનાં વ્યકતિઓની મુલાકાત લઈ દિવાળીના તહેવાર નિમિત્તે મીઠાઈ – ભેટ આપીને શુભેચ્છાઓ અને ખુશીઓની આપ – લે જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, અધિક નિવાસી કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ મ્યુનિસિપલ કમિશર બારૈયા ઉપસ્થિત રહયાં હતાં.




# જન્મદિને વધામણી


ભીખાભાઈ પી પ્રજાપતિ
મો. ૭૬૯૮૪ ૨૬૧૬૩


અંશુલ છાયા ત્રિવેદી


બંસરી
પ્રબોધભાઈ ચાવડા
મો. ૯૯૭૯૭ ૭૦૦૮૩

# ઉજાસના પર્વ ટાણે નવા સેકટરોમાં અંધકારનું સામ્રાજય

## એકલા વોર્ડનં.૮માં જ ૧૦૦થી વધુ સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં : શિયાળામાં અંધારું વહેલું થતું હોવાથી રહીશોને પારાવાર હાલાકી

ગાંધીનગર, તા.૬
ગાંધીનગરમાં એક તરફ દિવાળી પર્વનો ઉજાસ પથરાઈ રહ્યો છેત્યારે બીજી તરફ શહેરના અનેક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અંધકારનું સામ્રાજય છવાયેલું જોવા મળે છે. દિવાળીના પર્વ ટાણે પણ તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટોની મરામત કાર્યમાં રાખવામાં આવતી બેદરકારી ઉડીને આંખે વળગે છે. શહેરના સેકટર-૩, ન્યુ અને સેકટર-૪ના વિસ્તારમાં એક, બે કે ત્રણ નહી પરંતુ પુરી ૧૦૦ સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે જેના કારણે રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો સ્ટ્રીટલાઈટો લટકતી હાલતમાં જોવા મળી રહી છે.

શિયાળાના દિવસો શરૂ થઈ ગયા છે અને સાંજ વહેલી પડી જાય છે જેના પરિણામે અંધકારનું આગમન વહેલું થઈ જાય છે. આ સંજોગોમાં છેવાડાના સેકટરમાં રાત્રિના સમયે અનિષ્ટ તત્ત્વોનું જોખમ પણ વધુ રહે છે. મોડી સાંજે નોકરી-વ્યવસાય કે અભ્યાસ અર્થે અથવા અન્ય કામેથી પરત પરતા સેકટરવાસીઓમાં જેમાં ખાસ કરીને મહિલા કર્મચારી વર્ગ, સિનિયર સિટીઝન તથા વિદ્યાર્થીનીઓ વગેરે માટે બંધ સ્ટ્રીટલાઈટોના કારણે સુરક્ષા અંગે ખતરો પેદા થાય છે. શહેરમાં આમ પણ ચેઈન સ્નેચીંગ જેવી ઘટનાઓ છાશવારે બનતી રહે છે અને બીજી તરફ રખડતા ઢોર અને કૂતરાં વગેરે સહિત ઝેરી જીવજંતુ સરીસૃપો વગેરેનું જોખમ પણ રહેલું છે. ત્યારે બંધ સ્ટ્રીટલાઈટો રાહદારીઓ સહિત વાહનચાલકો માટે પણ જોખમરૂપ બને છે. આ સમસ્યા અંગે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા રજૂઆત કરાઈ છે. જો શહેરના એક વોર્ડમાં આ હાલત હોય તો બીજા અન્ય વોર્ડની થઈને શહેરમાં કુલ કેટલી સ્ટ્રીટ લાઈટ બંધ હશે તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે.



### બંધ સ્ટ્રીટ લાઈટોના પોલ નંબર સાથેનું લિસ્ટ બનાવાયું

શહેરના વોર્ડ નં. ૮માં બંધ સ્ટ્રીટ લાઈટો અંગે રહીશોની ફરિયાદ બાદ કોર્પોરેટર પાયલબેન મેણાતે તેમના કાર્યકર્તાઓ દ્વારા સર્વે કરાવ્યો છે અને તેમને ૧૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં મળી આવી છે. આ સમસ્યા અંગે તેમણે વોર્ડના ઈન્ફોસિટી લાઈટ વિભાગને મૌખિક જાણ કરી સત્વરે સ્ટ્રીટલાઈટો રીપેર કરવા માંગ કરી છે. કોર્પોરેટર દ્વારા બંધ સ્ટ્રીટ લાઈટોના પોલ નંબર સાથેનું લિસ્ટ પણ તૈયાર કરવામાં આવ્યું છે.

# સ્વિફ્ટની અડફેટે ઘવાયેલો બાઈક ચાલક યુવાન પણ મોતને ભેટ્યો

## ત્રણ દિવસ પહેલાં છાલા પાટીયા પાસે સ્વિફ્ટ કારે બાઈકને અડફેટે લીધું હતું : બાઈક સવાર દંપતી પૈકી પત્નીનું તે જ દિવસે મૃત્યુ થયું હતું : પતિનું ગઈ રાત્રે સારવારમાં મૃત્યુ

ગાંધીનગર, તા. ૬
નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા છાલા ગામમાં રહેતુ એક દંપતિ તેમના બે સંતાનો લઈને બાઈક પર બે દિવસ પહેલા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે હિંમતનગર તરફથી સડસડાટ આવી રહેલા એક સ્વીફ્ટ કારના ચાલકે છાલા પાટિયા પાસે બાઈકને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા પતિ પત્ની અને બંને બાળકો સહિત ચારેય બાઈકસવારોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલી પત્નીનું તે જ દિવસે કરૂણ મૃત્યુ નિપજ્યુ હતું. સારવાર હેઠળ દાખલ પતિનુ ગત રાત્રી દરમ્યાન હોસ્પિટલમાં મૃત્યુ નિપજ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. ઘાયલ બંને બાળકો પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ચિલોડા પોલીસે મૃતક મહિલાના દિયરની ફરિયાદના આધારે સ્વીફ્ટ કારના ચાલક સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી આરંભી છે.

છાલા ગામમાં રહેતા નાઝીમઅલી યાસીનઅલી કાજીએ ચિલોડા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ આધારે બે દિવસ પહેલા રાત્રે પોણા નવ વાગ્યાના અરસામાં તેમના ભાઈ ઈરફાનઅલી તેમનું બાઈક લઈને પરિવાર સાથે ઘર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે છાલા પાટીયા પાસે હિંમતનગર તરફથી બેફામ ગતિએ આવી રહેલી આરજે ૫૧ સીએ ૧૦૧૦ નંબરની સ્વીફ્ટ ગાડીના ચાલકે બાઈકને ટક્કર મારી દીધી હતી. અકસ્માતમાં ભાઈ ઈરફાન અલી, ભાભી મકસુદાબીબી અને તેમના બે સંતાનો ગંભીર રીતે ઘવાતા છાલા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મકસુદાબીબીનું તે જ રાત્રે કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતુ. તો બીજી તરફ બંને સંતાનો અને તેમના પિતા ઈરફાન અલી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. દરમ્યાન ગઈ રાત્રે સારવાર હેઠળ દાખલ મૃતકના પતિ ઈરફાન અલીનુ પણ મૃત્યુ નિપજ્યુ છે. સ્વિફ્ટની અડફેટે ઘવાયેલા બાઈક સવાર દંપતિ પતિ-પત્નિ બંનેનાં મૃત્યુ નિપજ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ચિલોડા પોલીસે સ્વીફ્ટ કારના ચાલક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પારસમણી ફાઉન્ડેશનની દિવાળી ઉત્સવની અનોખી રંગોળી સ્પર્ધા

પ્રકાશ પર્વ દિવાળી નિમિત્તે પારસમણી ફાઉન્ડેશન દ્વારા એક અનોખી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ચાર વિભાગમાં રાખવામાં આવી છે અને વિજેતા પ્રથમ ત્રણને ઈનામ આપવામાં આવશે. સ્પર્ધકે પોતાના આંગણે જ રંગોળી પુરી એનો ફોટો વોટસેપ કરવાનો રહેશે.

સ્પર્ધાના નિર્ણાયક જે તે સ્પર્ધકને ઘરે જ રંગોળી અવલોકાનાર્થે જશે. આઠ વર્ષથી ૯૯ વર્ષ સુધી અને દરેક પરિવાર આમાં સહજ જોડાઈ શકે એવો ઉમદા હેતુ રાખવામાં આવ્યો છે. સ્પર્ધક પારસમણી ફાઉન્ડેશનના પ્રમુખ સંજય થોરાતને મો.નં. ૯૪૨૬૮૮૦૪૦૦ પર માત્ર 'રંગોળી સ્પર્ધા' લખી મેસેજ કરતા અન્ય વિગતવાર માહિતી ઉપલબ્ધ કરાવાશે. આ સ્પર્ધા નિઃશુલ્ક રાખવામાં આવેલી છે.

### દીપાવલી અને નૂતન વર્ષના પાવન પર્વે રાજયના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૬
ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ પ્રકાશપર્વ દીપાવલી અને નૂતન વર્ષના પાવન અવસરે રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમણે શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે દીપાવલી પર્વ સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવનાર અગ્રદૂત બની રહેશે.

રાજયપાલશ્રીએ કામના કરી છે કે નવલા વર્ષનો શુભારંભ સમાજમાં પ્રેમ, શાંતિ, પરસ્પર સંવાદિતાને વધુ મજબૂત બનાવશે અને રાષ્ટ્ર અને રાજયને ઉન્નતિના નવા શિખરો સર કરવા તરફ દોરી જશે.




**ગાંધીનગર ફાયર સ્ટેશનમાં નવા બે આધુનિક વાહન આવ્યા**

ગાંધીનગર ફાયર બિગ્રેડમાં સરકાર દ્વારા નવિન બે વાહનો આપવામાં આવ્યા છે. જેમાં એક હાઈ પ્રેશર મીની ફાયર ટેન્કર અને એક રેપિડ ઈન્ટરેશન વાનનો સમાવેશ થાય છે. દિવાળીના દિવસોમાં સુવિધા યુકત બે વાહન મળતા કર્મચારીઓમાં ખુશી છવાઈ ગઈ હતી.

### વિ-કેર ફાઉન્ડેશન દ્વારા શ્રમજીવીઓને મિઠાઈનું વિતરણ

દીપાવલી મહાપર્વની ઉજવણીની ભેટ રૂપે દર વર્ષની દિવાળીની પરંપરા મુજબ આ વર્ષે વી-કેર ફાઉન્ડેશન દ્વારા શહેરમાં વસતા શ્રમજીવી પરિવારોમાં મિઠાઈનું વિતરણ કરાયું હતું. જરૂરિયાતમંદ શ્રમજીવી પરિવારોમાં ખુશીની લહેર પ્રસરાવી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ અને સેવાભાવી સભ્યોએ શહેરના દરેક સેકટરોમાં પહોંચી ઘરે ઘરે મીઠાઈ વહેંચી પોતે ખુશી મેળવી હતી.



### અર્બન હેલ્થ સેન્ટર સે-૨૯ ખાતે કર્મચારીઓએ અનોખી રંગોળી કરી




આજ રોજ સેકટર-૨૯ ખાતે આવેલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે રંગોળી કરવામાં આવી હતી.જેમાં સરકાર દ્વારા ચાલતા વિવિધ પોગ્રામ અંતર્ગત રંગોળી કરવામાં આવી હતી. જેમાં માતા દ્વારા સ્તનપાન જરુરી છે, તેમજ ટીબી હારશે, દેશ જીતશે જેવા જુદા જુદા રોગ અંગેની રંગોળી કરવામાં આવી હતી. સરકારના નેશનલ હેલ્થ મિશન કાર્યક્રમ અંતર્ગત તમામ રોગ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યકર્મમાં અર્બન હેલ્થ સેન્ટર સે-૨૯ અને જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે હાજરી આપી ભારે જહેમત ઉઠાવી હતી.

### ચિરવિદાય

- સ્વ. હંસાબેન ભીખાજી ઠાકોર, ઉ.વ. ૪૮
- સ્વ. આનંદબા કેશાજી વાઘેલા, ઉ.વ. ૮૧
- સ્વ. કૈલાસબેન મીઠુલાલ કોરી, ઉ.વ. ૬૦
- સ્વ. મહાદેવભાઈ જેમાભાઈ ભંગી, ઉ.વ. ૫૨

# રોબિનહૂડ આર્મીએ ૧૨૦૦થી વધુ જરૂરિયાતમંદોનો જઠરાગ્નિ ઠાર્યો..!!!

## શહેરમાં રવિવારે ૧૫૦થી વધુ સ્વયંસેવકો સાથે કોઈ સંસ્થા કે પ્રસંગમાં વધેલા અન્નને ગરીબો સુધી પહોંચાડવાની સેવા રોબિનહૂડ આર્મી આપે છે : ૧૨ દેશોમાં ૧૦૩ શહેરોમાં ૧૭ હજારથી વધુ યુવા સ્વયંસેવકોની નિસ્વાર્થ સેવા

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગરમાં રવિવારે અનોખો સેવાયજ્ઞ યોજાયો હતો. જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત રોબિનહૂડ આર્મી સંસ્થાના ગાંધીનગર ચેપ્ટરના સેવાભાવી યુવાનો દ્વારા ૧૨૦૦થી વધુ ગરીબ જરૂરિયાતમંદોને ખિચડી-નાસ્તાનું ભોજન પીરસવામાં આવ્યું હતું. છેલ્લાં દોઢ-બે વર્ષથી ગાંધીનગરમાં પણ સક્રીય બનેલ રોબિનહૂડ આર્મીમાં યુવાનો જોડાઈ રહ્યાં છે અને જેઓ સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પ્રસંગ કે ઈવેન્ટમાં વધેલુ અન્ન જરૂરિયાતમંદના મુખ સુધી પહોંચાડી તેમનો જઠરાગ્નિ ઠારવાનો નિસ્વાર્થ પ્રયાસ કરી રહ્યાં છે.

''ભીખ કરતા પણ ભૂંડી ભૂખ છે'' તે આપણે ત્યાં ખૂબ જાણીતી ઉક્તિ છે. વિશ્વભરમાં એક અંદાજ મુજબ દરરોજ જેટલું અન્ન રાંધવામાં આવે છે તેમાંથી ત્રીજા ભાગના અન્નનો બગાડ થાય છે જ્યારે બીજી તરફ અબજો માનવી ભૂખ્યાં પેટે સુવે છે. ભારતમાં પણ ભૂખમરાની પરિસ્થિતિ દિનપ્રતિદિન વધતી જાય છે ત્યારે રોબિનહૂડ આર્મી જેવી સંસ્થાઓ વધેલા અન્નને ભૂખ્યાંજનો સુધી પહોંચાડવાની અમૂલ્ય સેવા આપી રહી છે. વર્ષ ૨૦૧૪માં ૨૬મી ઓગષ્ટે દિલ્હીમાં નીલઘોષ, આનંદ સિન્હા, આરૂષી બત્રા સહિત પાંચ યુવાનોએ વધેલા અન્નને ગરીબોમાં વહેંચવાની સેવા સાથે રોબિનહૂડ આર્મીની શરૂઆત કરી હતી જે આજે વિશ્વભરમાં થાઈલેન્ડ, પાકિસ્તાન, શ્રીલંકા અને અમેરિકાના ટેકસાસ સહિત ૧૨ દેશોમાં મળીને કુલ ૧૦૩ શહેરોમાં સ્વયંભૂ રીતે કાર્યરત છે. ભારતમાં રોબિનહૂડ આર્મી ૮૦થી વધુ શહેરોમાં ૧૭ હજારથી વધુ સ્વયંસેવકો સાથે તેની સેવા આપી રહી છે. અમદાવાદ તથા ગાંધીનગરમાં આ સંસ્થા પ્રસંશનીય કાર્ય કરી રહી છે અને ગાંધીનગરમાં ૧૫૦થી વધુ સ્વયંસેવકો આ આર્મીમાં સેવા આપી રહ્યાં છે. જેમાં વર્કિંગ પ્રોફેશ્નલથી માંડીને વિદ્યાર્થીઓ ઉપરાંત ગૃહિણીઓનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરમાં લગભગ દર શનિ-રવિ તથા રજાના દિવસે રોબિનહૂડ આર્મી વિવિધ પ્રસંગો અથવા કાર્યક્રમોમાં વધેલા અન્નને ગરીબો સુધી પહોંચાડવાની વિના મૂલ્યે નિશ્વાર્થ સેવા આપી રહી છે.



### કેવી રીતે કાર્ય કરે છે રોબિનહૂડ આર્મી ?

રોબિનહૂડ આર્મી મોટે ભાગે વ્હોટસએપ અને ફેસબુક જેવા સોશ્યલ મિડિયાથી કાર્યરત છે અને શહેરમાં રેસ્ટોરન્ટ, મંદિરો, હોસ્ટેલ, મેસ, સ્વીટ્સ-ફરસાણની દુકાનો, ખાણી-પીણીના વેપારીઓ અથવા કોઈ લગ્ન કે અન્ય પ્રસંગ અથવા કાર્યક્રમમાં વધેલા અન્નને મેળવી તેની ગુણવત્તા ચકાસી પછી જરૂરિયાતમંદોને પહોંચાડે છે. આ સંસ્થાની ખાસિયત એ છે કે તેની કોઈ ઓફિસ નથી અને આ ઝીરો ફંડ ઓર્ગેનાઈઝેશન છે. યુવાનો પોતાના ખર્ચે, પોતાના વ્હીકલનો ઉપયોગ કરી સેવા આપે છે.

### કઈ કઈ સેવા આપે છે ?

રોબિનહૂડ આર્મી મુખ્યત્વે વધેલી અન્ન જરૂરિયાતમંદોને પહોંચાડવાની સેવા આપે છે તે ઉપરાંત ક્યારેક રાંધીને તૈયાર કરેલ ભોજન પીરસવાનો કાર્યક્રમ પણ યોજે છે. આ ઉપરાંત એકેડેમિક ડ્રાઈવ અંતર્ગત ઝુંપડપટ્ટીના બાળકોને પાયાનું શિક્ષણ આપી તેમને શાળાએ જતા કરવાની સેવા પણ આપે છે.